| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૬/૨૦૨૩ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૩૨૭ લીટર દેશી દારૂ, ૩૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૩ કાર,૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૩૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૭૧ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૩**

**ઘાટલોડીયાઃ** અશોકભાઇ શંકરલાલ પટેલ (ઉ.વ.૪૮)(રહે.અર્જુન ગ્રીન્સ મેનારવ હોલ પાસે, સ્વાનીક આર્કેડ સામે, નારણપુરા) એ તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે "ગ્રેસીયસ હોલી-ડે" નામથી ટીકીટ બુંકીગ તેમજ ટુર્સ ટ્રાવેલ્સ ચલાવતા આરોપી નીરલ ઉર્ફે જીમી તરૂણભાઈ પારેખ (રહે, શિવાની એપાર્ટમેન્ટ, સહજાનંદ કોલેજ પાછળ, આઝાદ સોસાયટી આંબાવાડી) એ અશોકભાઇ તથા તેમની પત્નિ વૈશાલીબહેન અને અન્ય સબંધીઓની કેનેડા જવાની ટીકીટ બુક કરાવવાના બહાને કુલ રૂપિયા ૧૦,૦૮,૦૬૮/- મેળવી લઈ, કન્ફર્મ ટીકીટ નહી આપી વિશ્વાસઘાત અને છેંતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૩**

**રામોલઃ** બ્રીજેશ ગોપાલભાઇ બોરીચા (ઉ.વ.૪૧)(રહે.સુખશાંતીનગર સિંધવાઇ મંદીર પાછળ સી.ટી.એમ) એ તા.૨૮/૦૬/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૬/૨૦૨૩ રાતના ૯/૦૦ થી તા.૧૫/૦૬/૨૦૨૩ ના કલાક ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૮૨,૧૭૫/-, ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૧૭૫/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એ.રાયજાદા ચલાવે છે.

**એલીસબ્રીજઃ** મહેન્દ્રભાઇ શાંતીલાલ ઠકકર (ઉ.વ.૬૩)(રહે.શ્યામકુંજ સોસાયટી, માણેકબાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે નહેરૂનગર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૩ રાતના ૯/૩૦ થી તા.૨૮/૦૬/૨૦૨૩ ના કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, રોકડા રૂપિયા ૯,૫૦,૦૦૦/- તથા અમેરીકન ડોલર ૨૬૦૦/- જેની ભારતીય ચલણમાં કિંમત રૂપિયા ૨,૧૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૧,૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ચીતરીયા ચલાવે છે.

## સાતમા માળેથી પડી જતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૩

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર ખાતે આવેલ “મની પ્લાંટ હાઇ સ્ટ્રીટ” નામની નવી બનતી સાઇટ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા મમતાબહેન ડો/ઓ નુરસિંગ અનારીયા (ઉ.વ.૧૯)(રહે.ગામ-ગેટા, તા.ધાર જી.ટાડા મધ્યપ્રદેશ) તા.૨૮/૦૬/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે “મની પ્લાંટ હાઇ સ્ટ્રીટ” સાઇટના સાતમા માળે સાફ-સફાઇ કરતા હતા દરમ્યાન પ્લબિંગ ડકની પાળી ઉપરથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલમા લાવતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.ડી.પટેલ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૦૫૩/૨૦૨૩

**વાડજઃ** (૧) સુનીલ કિશનભાઇ દંતાણી (ઉ.વ.૩૫)(રહે,પરીક્ષીતનગરના છાપરા સ્મશાનગૃહ કટની સામે જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ બપોરના ૧/૩૫ પહેલા પોતાના ઘરે પંખા સાથે પડદાનુ કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જિગ્નેશભાઇ પ્રવિણભાઇ ચલાવે છે.

**વાડજઃ** (૨) વશરામભાઇ નારણભાઇ ભીલ (ઉ.વ.૩૭)(રહે.સોરાબજી કંપાઉન્ડ જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ બપોરના ૩/૦૦ પહેલા રહેણાંક ઘરના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ પોપટભાઇ ચલાવે છે.

**એરપોર્ટઃ** મયુરીબેન ડો/ઓ આનંદભાઈ પ્રજાપતિ (ઉ.વ.૧૯)(રહે.સ્વસ્તિક સોસાયટી સામે વિલિયમ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ ના સવારના ૧૧/૦૦ થી સાંજના ૬/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.સી.ગોસાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** તુલસીભાઇ ઉકાભાઇ સોલંકી (રહે.રણજીત સોલંકીની ચાલી, સુખરામનગર ચાર રસ્તા પાસે, વોરાની ચાલીની બાજુમાં ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૬/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વીરભાણ ચલાવે છે.

**કાગડાપીઠઃ** પુનમબહેન મયુરભાઇ ઔદિચ્ય (ઉ.વ.૨૫)(રહે.બધાપુનાની ચાલી, ગીતામંદિર રોડ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને પ્રથમ એલ.જી.હોસ્પીટલમાં અને ત્યારબાદ શક્તિ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૬/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી